સંદેશ
MONDAY, 01•09•2025

### ભાવનગર નાગરિક સહકારી બેંકની વાર્ષિક સાધારણ સભા મળી

# ગ્રાહકોની માંગણી વધતા નાગરીક બેન્ક દ્વારા દરેક શાખામાં લોકરનો વધારો

## પરચુરણ ખર્ચ, લીગલ ખર્ચ જેવા અન્ય ખર્ચાઓમાં ૫૦ % ઘટાડો

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર નાગરિક સહકારી બેંક લિ. ની ૭૧મી વાર્ષિક સાધારણ સભા યશવંતરાય નાટયગૃહ ખાતે મળી હતી. જેમાં બહોળી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. પહેલગામ ખાતે આતંકવાદીના હુમલામાં મૃત્યુ પામેલ દેશનાં નાગરિકો તથા વર્ષ દરમ્યાન અવસાન પામેલ સભાસદોને બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

ડિપોઝીટમાં ૨૨ કરોડ જેવો માતબર વધારો, લોનમાં પાંચ કરોડ જેવો વધારો અને એન. પી. એ. માં ૫.૭૦ % જેવો માતબર ઘટાડો પહેલા કરતાં પરચુરણ ખર્ચ, લીગલ ખર્ચ જેવા અન્ય ખર્ચાઓમાં ૫૦ % જેવો ઘટાડો થયેલ છે. સભાસદોને આપેલ આકર્ષક ગીફ્ટ તેમજ ૧૦ % જેવુ ડિવીડન્ડ જાહેર કરવામા આવ્યુ હતુ, ભાવનગરની નામાંકિત ૨૦ જેટલી હોસ્પીટલો / લેબોરેટરી / મેડીકલ સ્ટોર સાથે ટાઈઅપ કરી સારવારમાં સભાસદો તથા તેમના પરીવારજનોને લાભમળી રહે તેવુ આયોજન કરેલ, મૃત્યુ પામેલ સભાસદોને આર્થિક સહાય પુરી પાડેલ, વર્ષ દરમ્યાન વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન તેમજ બેંક દ્વારા હરીફાઈના યુગમા ગ્રાહકોને વધુમાં વધુ સારી સેવા પુરી પાડી શકાય તે માટે જરૂરી ઉપકરણો અને સોફ્ટવેર અપગ્રેડ કરાવેલ છે.

બેંકની ગંગાજળીયા શાખાને આધુનિક લુક આપી રિનોવેશન કરાવેલ છે તેમજ સરદારનગર શાખાને કાળીયાબીડ વિસ્તારમાં ફેરવીને વધુ સુવિધાયુકત બનાવેલ છે. ગ્રાહકોને માંગને ધ્યાનમાં લઈ દરેક શાખામાં લોકરનો વધારો કરેલ છે તેવુ ચેરમેન પ્રભાતસિંહ બી. ગોહીલે સભાસદોને જણાવ્યુ હતુ. ત્યારબાદ બેંકના જનરલ મેનેજર નરેન્દ્રભાઈ એમ. વેગડ દ્વારા વિવિધ ઠરાવો રજુ થતા બહુમતીએ મંજુર કરવામા આવી હતી. સભામાં ચર્ચા દરમ્યાન વાઈસ ચેરમેન સુરેશભાઈ બી. ધાંધલીયા, મેનેજિંગ ડિરેકટર ગિરીશભાઈ સી. શાહ દ્વારા ચર્ચામાં ભાગ લીધો હતો. ઉપરોકત સભામાં ડિરેકટર ધર્મેન્દ્રભાઈ આર. મહેતા,જલ્પેશભાઈ એ.ભટ્ટ, કીરીટભાઈ આર.માંગુકીયા, મિહીરભાઈ કે.શાહ, રામભાઈ એમ.રાઠોડ, ગીતાબેન એમ. વાજા, સીમાબેન કે.કેસરી, અશોકભાઈ એ.વાળોદરા, ઈશ્વરભાઈ વી. ભટ્ટ, રાજુભાઈ આર. ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. ઉપરોકત સામાન્ય સભાનું સંચાલન મેનેજર મનોજ શાહ દ્વારા કરવામાં આવ્યુ હતુ.